# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ અને ધાનુકા એગ્રીટેક લીમીટેડનાં સંયુક્ત ઉપક્રમે સ્પોન્સર્ડ તાલીમ યોજાઇ

ધાનુકા એગ્રીટેક લીમીટેડ, અમદાવાદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજનાં સંયુક્ત ઉપક્રમે ડાંગરના પાકમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા અંતર્ગત તા ૨૨.૭.૨૦૨૪ ના રોજ સ્પોનસર્ડ તાલીમ કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં સોજીત્રા તાલુકાનાં ગાડા, ડાલી, પલોલ, દેવાતજ, તારાપુર, લીંબાલી, મઘરોલ, ડભોઉ, ડેમોલ, સોજીત્રા વિરોલ, ઇસરામા, પીપળાવ અને કાસોર ગામનાં કુલ ૧૦૦ ખેડૂતમિત્રો હાજર રહ્યા હતા. ઉપરોક્ત તાલીમમાં ધાનુકા એગ્રીટેક લીમીટેડ કંપનીના કર્મચારી શ્રી કનુભાઇ પટેલ, એરીયા મેનેજર; અને શ્રી દર્શનભાઇ દસલાણીયા, આણંદ ટેરેટરી મેનેજર ઉપસ્થિત રહ્યા હતા. ધાનુકા કંપની દ્વારા સ્પોનસર્ડ તાલીમના ઉદઘાટન કાર્યક્રમની શરૂઆતમાં કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. વાય.સી.લકુમ એ સર્વેનું સ્વાગત અને પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતુ.

તાંત્રિક કાર્યક્રમમાં ડો.વાય.સી.લકુમ દ્વારા ડાંગરની સુધારેલ જાતો, ડાંગરના પાકમાં નુકશાન કરતા વિવિધ નિંદામણો અને તેનું વ્યવસ્થાપન, ક્ષારીય જમીનની સુધારણા તેમજ પ્રાકૃતિક ખેતી અપનાવી ખેતી ખર્ચ ઘટાડવા અને ડાંગરનું ઉત્પાદન વધારવા અંગેના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. તેઓએ પોષક તત્વોની ખામીથી થતા રોગો અને તેના નિવારણ માટે વિસ્તૃત ચર્ચા કરી ડૉ. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) એ જંતુનાશક દવાઓની પર્યાવરણ પર થતી આડઅસરો વિશે ચર્ચા કરી હતી. તેઓએ નાઇટ્રોજન યુક્ત ખાતરોનો વપરાશ ઓછો કરવા જણાવ્યુ તેમજ પર્યાવરણલક્ષી અભીગમ અંતર્ગત પાક પધ્ધતિમાં બદલાવ, જીવાત નિયંત્રણ માટે વનસ્પતિજન્ય દવાઓનો ઉપયોગ કરી ઉપયોગી પરભક્ષી કિટકોનું સંરક્ષણ કરવા જણાવ્યુ કાર્યક્રમમાં ઉપસ્થિત ધાનુકા કંપનીના એરીયા મેનેજર શ્રી કનુભાઇ પટેલ દ્વારા ખેડૂત સમુદાયના હિત માટે કાર્ય કરતી ધાનુકા કંપનીના સામાજીક સ્તરે યોગદાન તેમજ કંપની દ્વારા અપનાવાયેલ નવી વિવિધ ટેકનોલોજી વિષે સવિસ્તાર માહિતી આપી હતી. શ્રી દર્શનભાઇ એ ધાનુકા કંપનીની વિવિધ નિંદામણનાશક, કીટનાશક અને ખેત પર્યાવરણને લાભકર્તા હોય તેવી જૈવિક દવાઓ, તેની ઉપયોગીતા તેમજ વાપરવાની પધ્ધતિ વિશે વિસ્તૃત ચર્ચા તેમજ લાઇવ ડેમોસ્ટ્રેશન દ્વારા સમજુતી આપી. તેઓએ જમીનમાં રહેલા પોષક તત્વો છોડને લભ્ય બને અને જમીન પોચી બને તેમજ જમીનનું સ્વાસ્થ્ય સુધરે તે માટે માઇકોરાઈઝા નામની ઉપયોગી ફુગનો વપરાશ કરવા જણાવ્યું. તાલીમમાં ઉપસ્થિત સર્વે ખેડૂતોએ તેમના મંતવ્યો રજુ કર્યા હતા. સમગ્ર તાલીમનું સંચાલન કેવિકેનાં વૈજ્ઞાનિક ડો.વાય.સી.લકુમ અને ડો.આર.એમ.પટેલ દ્વારા કરવામાં આવેલ.

<u>તાલીમની ઝાંખીઓ</u>








